60 વર્ષની ઉંમર પછી પણ કામ કરવાનું વિચારો છો? તમારા ફાઇનાન્સ અને કેરિયરની તૈયારી વહેલી શરૂ કરો

વેલ્થ ક્રિએશન

વર્ષોથી, નિવૃત્તિ માટે એક જ ચોક્કસ પેટર્ન ચાલતી આવી છે: તમે લગભગ 60 વર્ષની ઉંમર સુધી કામ કરો છો, પગાર મળતો બંધ થાય છે અને પછી તમે તમારા પેન્શન તેમજ બચત પર નિર્ભર રહો છો. હવે આ સીમારેખા સ્પષ્ટ નથી રહી. કેટલાક લોકો કામ કરવાનું ચાલુ રાખવા માંગે છે કારણ કે તેમને તે ગમે છે. અન્ય લોકો કદાચ હળવા શિડ્યુલ સાથે કામ કરવા માંગે છે, જેમ કે અઠવાડિયામાં થોડા દિવસો કન્સલ્ટિંગ (સલાહકાર તરીકે) અથવા ભણાવવાનું કામ. અને કેટલાક લોકો માટે, 60 પછી કમાણી કરવાથી તેમની નિવૃત્તિ વધુ આરામદાયક બની શકે છે. કારણ ગમે તે હોય, આગળ શું કરવું છે તે વિચારવા માટે તમારી નોકરીના છેલ્લા દિવસ સુધી રાહ ન જુઓ.

કામ કરવાથી તમારા નિવૃત્તિના ફંડ પરનું દબાણ ઘટી શકે છે

ધારો કે નિવૃત્તિ પછી તમારા ઘરના ખર્ચ માટે મહિને રૂ. 80,000ની જરૂર છે અને તમે કન્સલ્ટિંગ કે પાર્ટ-ટાઈમ કામ દ્વારા રૂ. 30,000 કમાઈ શકો છો. તો હવે તમારા રોકાણમાંથી તમારે સમગ્ર રૂ. 80,000 ઉપાડવાને બદલે માત્ર રૂ. 50,000 જ મેળવવાની જરૂર પડશે. આનો અર્થ એ થાય કે તમારે તમારા નિવૃત્તિના ફંડમાંથી ઓછી રકમ ઉપાડવી પડશે, ખાસ કરીને નિવૃત્તિના શરૂઆતના વર્ષોમાં. અને નિવૃત્તિનો સમયગાળો બે કે ત્રણ દાયકા સુધી ચાલી શકે છે, તેથી તમારા નાણાં વધુ સમય માટે રોકાયેલા રહે તે ખૂબ મહત્વનું છે. આ આવક તમારા જૂના પગાર જેટલી જ હોવી જરૂરી નથી, તે ગમે તેટલી હોય તો પણ ઉપયોગી સાબિત થાય છે.

હાલની કારકિર્દીનો અંત આવે તે પહેલાં જ આગામી કારકિર્દી બનાવવાનું શરૂ કરો

જો તમે છેલ્લાં થોડાં વર્ષોથી તૈયારી કરી રહ્યા હશો, તો 60 વર્ષની ઉંમરે કામ શોધવું ઘણું સરળ બની શકે છે. વિચારો કે તમારા વર્તમાન અનુભવનો એવો કયો ભાગ છે કે જેના માટે કોઈ તમને સ્વતંત્ર રીતે ચૂકવણી કરી શકે. ફાઈનાન્સ ક્ષેત્રના એક વરિષ્ઠ પ્રોફેશનલ નાના વ્યવસાયોને સલાહ આપી શકે છે. એક શિક્ષક ટ્યુશન ભણાવી શકે છે અથવા ઓનલાઈન ભણાવી શકે છે. ઉદ્યોગનો દાયકાઓનો અનુભવ ધરાવતી વ્યક્તિ યુવા પ્રોફેશનલ્સને માર્ગદર્શન (મેન્ટર) આપી શકે છે અથવા શોર્ટ-ટર્મ પ્રોજેક્ટ્સ પર કામ કરી શકે છે. નિવૃત્તિ પછી અનુભવી પ્રોફેશનલ્સ માટે કન્સલ્ટિંગ, એડવાઈઝરી, મેન્ટરિંગ અને પ્રોજેક્ટ-આધારિત કામના વિકલ્પો સતત વધી રહ્યા છે. પરંતુ આ તકો આપોઆપ મળતી નથી. તમારી 40 અને 50ની ઉંમર એ નવા સંપર્કો (કોન્ટેક્ટ્સ) બનાવવા, કૌશલ્ય (સ્કિલ્સ) અપડેટ કરવા અને તમે જે ઓફર કરવા માંગો છો તેનું માર્કેટમાં ખરેખર મૂલ્ય છે કે નહીં તે ચકાસવા માટેનો શ્રેષ્ઠ સમય છે.

તમારું રિટાયરમેન્ટ ફંડ બનાવવાનું બંધ ન કરો

60 પછી કામ કરવાનો પ્લાન બનાવવાનો અર્થ એ નથી કે તમે અત્યારે નિવૃત્તિ માટે ઓછી બચત કરો. તમારી તંદુરસ્તી બદલાઈ શકે છે. તમે જે કામની અપેક્ષા રાખો છો તે ઉપલબ્ધ ન પણ હોય. અથવા તમે 65 વર્ષની ઉંમરે એવો નિર્ણય પણ લઈ શકો છો કે હવે તમારે કામ કરવું નથી. નિવૃત્તિ પછીની કમાણીને નાણાકીય સુરક્ષાના એક વધારાના સ્તર તરીકે જુઓ, નહીં કે એવી બાબત તરીકે જેના પર તમારું આખું નિવૃત્તિ પ્લાનિંગ નિર્ભર હોય.જ્યાં સુધી તમે કમાણી કરી રહ્યા છો ત્યાં સુધી તમારું EPF, NPS અને અન્ય નિવૃત્તિ માટેના રોકાણો સતત વધારતા રહો.

> **નિવૃત્તિની પરંપરાગત ઉંમર પછી પણ કામ કરવાથી વધારાની આવક મળી શકે છે અને તમારી બચત લાંબા સમય સુધી ટકી રહે છે. પરંતુ બીજી કારકિર્દી બનાવવી કે આવકનો એક ફ્લેક્સિબલ (લવચીક) સ્ત્રોત ઊભો કરવા માટે સામાન્ય રીતે નિવૃત્ત થવાના વર્ષો પહેલાંથી જ તૈયારી શરૂ કરવી પડે છે**

તમારી લાઈફસ્ટાઈલને પણ વધુ ફ્લેક્સિબલ બનાવો

જ્યારે તમે જરૂર પડે ત્યારે તમારા ખર્ચ ઘટાડી શકો, ત્યારે નાણાકીય સ્વતંત્રતા વધુ સરળ બની જાય છે. નિવૃત્તિ પહેલાં, તમારા મોટા માસિક ખર્ચાઓ પર નજર કરો. તમે કામ કરવાનું બંધ કરશો ત્યારે કયા ખર્ચાઓ બંધ થઈ જશે, અને કયા ચાલુ રહેશે? મોટો EMI અથવા મોંઘી લાઈફસ્ટાઈલ તમને 60 પછી પણ વધુ કમાણી કરવા પર નિર્ભર બનાવી શકે છે. જો શક્ય હોય તો, નિવૃત્તિના તબક્કામાં ઓછા દેવા (લોન) સાથે પ્રવેશ કરો અને તમારા આવશ્યક ખર્ચાઓ પૂરા કરવા માટે પૂરતી નિશ્ચિત આવકની વ્યવસ્થા રાખો. પેન્શન, વ્યાજ અને વાર્ષિક આવક આ પાયાનો ભાગ બની શકે છે. ત્યારબાદ કામમાંથી તમે જે પણ કમાઓ છો તેનો ઉપયોગ મનોરંજન કે ઈચ્છિત ખર્ચાઓ માટે થઈ શકે છે અથવા તે તમને રોકાણમાંથી ઓછો ઉપાડ કરવાની છૂટ આપે છે. કામ વગરના સમયગાળા માટે પણ નાણાં ઉપલબ્ધ રાખો

કન્સલ્ટિંગ, ફ્રીલાન્સિંગ કે પ્રોજેક્ટ વર્કમાંથી મળતી આવક પગારની જેમ નિયમિત ન પણ હોય

એક મહિનો ખૂબ વ્યસ્ત હોઈ શકે છે અને બીજો મહિનો સાવ શાંત હોઈ શકે છે. લાંબા ગાળાના રોકાણો વેચ્યા વિના નિયમિત ખર્ચાઓ પહોંચી વળાય તે માટે તમારી પાસે પૂરતા નાણાં ઉપલબ્ધ રાખો. નિવૃત્તિ પછી આ ખાસ કરીને મહત્વપૂર્ણ બની જાય છે કારણ કે શેરબજારના મોટા કડાકા વખતે રોકાણ વેચવાથી તમારા ફંડને રિકવર થવાની ક્ષમતાને નુકસાન થઈ શકે છે.

બીજી ફૂલ-ટાઈમ કારકિર્દી પસંદ કરતા પહેલાં સ્વાસ્થ્ય વિશે વિચારો

વધુ સમય કામ કરવાનો ઉદ્દેશ્ય તમને વધુ નાણાકીય સ્વતંત્રતા આપવાનો હોવો જોઈએ, નહીં કે એક દબાણવાળી નોકરી છોડીને બીજી એવી જ નોકરી કરવાનો. બીજી ફૂલ-ટાઈમ પાંચ દિવસની નોકરી કરવાને બદલે તમે ટૂંકા પ્રોજેક્ટ્સ, વર્ક ફ્રોમ હોમ (રિમોટ વર્ક) અથવા થોડા નિયમિત ક્લાયન્ટ્સ સાથે કામ કરવાનું પસંદ કરી શકો છો. એ પણ સુનિશ્ચિત કરો કે તમારી પાસે પર્યાપ્ત હેલ્થ ઈન્સ્યોરન્સ અને એક અલગ મેડિકલ બફર (તબીબી ખર્ચ માટેની બચત) હોય. સતત કમાણી ચાલુ રાખવાથી ઉંમર વધવાની સાથે વધતા આરોગ્યસંભાળના ખર્ચની તૈયારી કરવાની જરૂરિયાત દૂર થતી નથી.

મુખ્ય હેતુ કામને મરજિયાત બનાવવાનો છે

65 વર્ષની ઉંમરે કામ કરવું કારણ કે તમે ઈચ્છો છો, અને કામ કરવું કારણ કે તમારી પાસે બંધ કરવાનો બીજો કોઈ વિકલ્પ નથી આ બંને વચ્ચે મોટો તફાવત છે. એ જ કારણ છે કે કારકિર્દીનું આયોજન અને નિવૃત્તિનું આયોજન બંને એકસાથે વિચારવું જોઈએ. પગાર વગર પણ તમારું ગુજરાન ચલાવી શકાય તેટલી બચત ઊભી કરો, પરંતુ સાથે સાથે એવા કૌશલ્યો અને વ્યાવસાયિક સંબંધો પણ કેળવો જે જો તમે કામ ચાલુ રાખવાનું પસંદ કરો તો આવક ઊભી કરી શકે. નિવૃત્તિનો અર્થ એવો હોવો જરૂરી નથી કે તમે ફૂલ-ટાઈમ પગારમાંથી સીધા શૂન્ય કામ પર આવી જાવ. તે એક ક્રમિક પરિવર્તન હોઈ શકે છે જેમાં તમે ઓછું કામ કરો છો, તમને ગમતું કામ પસંદ કરો છો અને કમાણી ચાલુ હોવાને કારણે તમારા રિટાયરમેન્ટ ફંડ પર ઓછો આધાર રાખો છો.

રોકાણકારોની સલામતી સુદૃઢ કરવા ગુણવત્તાયુક્ત કંપનીઓના MSME IPOને મંજૂરી મળશે

આઈપીઓ વોચ

ભારતમાં નાના અને મધ્યમ ઉદ્યોગકારો માટે એનએસઇ અને બીએસઇએ 2016થી એસએમઇ આઇપીઓ પ્લેટફોર્મ શરૂ કર્યું હતું. આ પ્લેટફોર્મે ઉદ્યોગકારોને મૂડી એકત્ર કરવાની તક આપી છે, જેથી તેઓ ઉત્પાદન ક્ષમતા વધારી શકે, નવી ટેકનોલોજી અપનાવી શકે અને દેવું ઘટાડીને ઝડપી વિકાસ કરી શકે. હાલ આ પ્લેટફોર્મનું સંયુક્ત માર્કેટ વેલ્યુ રૂ. 4.7 લાખ કરોડ સુધી પહોંચી ગયું છે. 2024થી 2026 વચ્ચે જ હજારો કરોડની મૂડી એકત્ર થઇ છે, જે દર્શાવે છે કે રોકાણકારો અને ઉદ્યોગકારો બંને માટે આ પ્લેટફોર્મ મહત્વપૂર્ણ બની ગયું છે.

બજારમાં ઝડપથી વધતી ભાગીદારી સાથે રોકાણકારોની સુરક્ષા સુનિશ્ચિત કરવી જરૂરી બની છે. સેબી હવે નવા નિયમો લાવી રહી છે, જેમાં કંપનીઓની ગુણવત્તા અને નફાકારકતા પર ખાસ ધ્યાન આપવામાં આવશે. દરખાસ્ત મુજબ કંપનીઓએ છેલ્લા ત્રણ વર્ષમાં સરેરાશ 3 કરોડ રૂપિયાનો ઓપરેટિંગ નફો દર્શાવવો પડશે. જો આ શરત પૂરી ન થાય તો 75 ટકા શેર ક્યુઆઇબીને ફાળવવા પડશે. આ પગલું નબળી કંપનીઓને રોકશે અને રોકાણકારોને વધુ વિશ્વસનીય વિકલ્પો આપશે.

હાલમાં એસએમઇ આઇપીઓમાં અરજીની લઘુત્તમ રકમ ઊંચી હોવાથી નાના રોકાણકારો માટે ભાગ લેવો મુશ્કેલ હતો. હવે સેબી આ રકમ 1 લાખ રૂપિયા રાખવાની દરખાસ્ત કરી રહી છે. ઓછામાં ઓછા 4 લોટ માટે અરજી ફરજિયાત રહેશે, દરેક લોટની કિંમત રૂપિયા 25,000 હશે. લઘુત્તમ ફાળવવામાં આવેલા શેરોની સંખ્યા 200થી વધારીને 500 કરવાની દરખાસ્ત છે. આ પગલાથી વધુ રોકાણકારોને ભાગ લેવાની તક મળશે, પરંતુ જોખમ ઓછું નહીં થાય.

હાલમાં માર્કેટ મેકર્સ શેરની ખરીદી-વેચાણમાં મદદ કરે છે, પરંતુ સેબી આ આવશ્યકતા દૂર કરવાની યોજના બનાવી રહી છે. તેના બદલે 90% સબ્સ્ક્રિપ્શન ફરજિયાત રહેશે. આથી કંપનીઓના ખર્ચમાં ઘટાડો થશે, પરંતુ રોકાણકારોને એવા શેર વેચવામાં મુશ્કેલી પડી શકે છે જેમાં ઓછા ખરીદદારો હશે.

> **એસએમઇ આઇપીઓ માટે પાછલા ત્રણ વર્ષમાં સરેરાશ વાર્ષિક ઓપરેટિંગ પ્રોફિટની આવશ્યકતા વધારીને 3 કરોડ રૂપિયા કરાશે**

સેબી લિસ્ટિંગ પાત્રતા માટે પોસ્ટ-ઇશ્યૂ માર્કેટ કેપિટલાઇઝેશન પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. રૂપિયા 1000 કરોડ સુધીની કંપનીઓ એસએમઇ પ્લેટફોર્મ પર લિસ્ટ થઇ શકશે. રૂપિયા 1,000થી 4000 કરોડ વચ્ચેની કંપનીઓ એસએમઇ અથવા મેઇન બોર્ડમાં પસંદગી કરી શકશે. 4000 કરોડ રૂપિયાથી વધુ મૂડી ધરાવતી કંપનીઓને મેઇન બોર્ડમાં ફરજિયાત લિસ્ટ થવું પડશે. ટ્રેડિંગ લોટ સાઇઝ ઘટાડીને એક શેર કરવાની દરખાસ્ત છે, જેથી ખરીદી-વેચાણ સરળ બને.

પ્રમોટરોનો લઘુત્તમ હિસ્સો ત્રણ વર્ષ સુધી લોક-ઇન રહેશે. વધારાના હિસ્સા પર એક વર્ષ અને અન્ય પ્રી આઇપીઓ રોકાણકારો માટે છ મહિનાનો લોક ઇન સમય રહેશે. આથી બજારમાં સ્થિરતા આવશે અને રોકાણકારોને વિશ્વાસ મળશે.

હાલમાં આઇપીઓમાંથી એકત્ર થયેલા ભંડોળના ઉપયોગ સાથે જોડાયેલ રૂપિયા 10 કરોડની થ્રેશોલ્ડ દૂર કરવાની દરખાસ્ત છે. જોકે, કુલ ઇશ્યૂ રકમના મહત્તમ 15 ટકાનો ઉપયોગ સામાન્ય કોર્પોરેટ જરૂરિયાતો માટે થઇ શકશે.

નવા નિયમો રોકાણકારોની ભાગીદારી વધારશે, પરંતુ ફક્ત ઓછી રકમથી અરજી કરવાની તક પૂરતી નહીં રહે. રોકાણકારોએ કંપનીની નાણાકીય સ્થિતિ, નફાકારકતા, દેવું, પ્રમોટરની વિશ્વસનીયતા અને શેરની લિક્વિડિટીનું મૂલ્યાંકન કરવું જરૂરી છે. સેબીના નવા નિયમો એસએમઇ આઇપીઓ બજારને વધુ પારદર્શક અને વિશ્વસનીય બનાવશે. ઉદ્યોગકારોને મૂડી એકત્ર કરવામાં સરળતા મળશે અને રોકાણકારોને વધુ સુરક્ષા મળશે. પરંતુ રોકાણકારોએ સમજદારીપૂર્વક મૂલ્યાંકન કરીને જ ભાગ લેવો જોઇએ, કારણ કે ઓછી એપ્લિકેશન રકમનો અર્થ ઓછી જોખમ નથી.

સહકારી ખાંડ મિલો : ઘટતું ઉત્પાદન, સંકોચાતો શેરડી વિસ્તાર અને આર્થિક સંકટ

બિઝનેસ વ્યૂ

દક્ષિણ ગુજરાતનો સહકારી ખાંડ ઉદ્યોગ એક સમયે ગ્રામીણ અર્થતંત્રની કરોડરજ્જુ ગણાતો હતો. શેરડીના પાકથી ખેડૂતોને આવક, ખાંડ મિલોથી સ્થાનિક રોજગારી અને તેની આડપેદાશોથી પશુપાલન, વીજ ઉત્પાદન તથા અન્ય ઉદ્યોગોને ટેકો મળતો હતો. પરંતુ શેરડીના વાવેતર વિસ્તાર, મિલોમાં આવતી શેરડીની માત્રા, ખાંડની રિકવરી, ઉત્પાદન ખર્ચ અને નાણાકીય જવાબદારીઓ આ ઉદ્યોગની મીઠી ખાંડને કડવી બનાવી રહી છે.

દક્ષિણ ગુજરાતમાં સુરત જિલ્લાનીબારડોલી, મઢી, ચલથાણ, સાયણ, મહુવા, કામરેજ, માંડવી, ઓલપાડ કાંઠા સુગર,નવસારી જિલ્લાની ગણદેવી, મરોલી,તાપી જિલ્લાની ઉકાઇ, કોપર વલસાડ જિલ્લાનીવલસાડ સુગર, કાવેરી, અને ભરૂચ જિલ્લાની પંડ્વાઈ, ગણેશ સુગરનો સમાવેશ થાય છે.શેરડીના વાવેતર વિસ્તાર, મિલમાં પીલાણ થયેલી શેરડી અને ઉત્પાદિત ખાંડ વચ્ચેનો તફાવત વધી રહ્યો છે.

ગુજરાતની સહકારી ખાંડ મિલો એ 2023-24ની સિઝનમાં 85.74 લાખ ટન શેરડીનું પીલાણ કર્યું હતી. એની સામે ખાંડનું ઉત્પાદન 8.87 લાખ ટન થયું હતું. સરેરાશ ખાંડ રિકવરી 10.35%,દૈનિક પીલાણ ક્ષમતા (અંદાજિત) 66,800 ટન નોંધાઈ હતી.

2023-24ની સરખામણીએ 2024-25માં દક્ષિણ ગુજરાતમાં શેરડીનો વિસ્તાર આશરે 6.6 ટકા અને ઉત્પાદન આશરે 5.3 ટકા ઘટ્યું હતું. આ ઘટાડો રાજ્યના સ્તરે છે.

સુરત જિલ્લો ગુજરાતના શેરડી ઉત્પાદનનું મુખ્ય કેન્દ્ર છે. 2024-25માં રાજ્યના કુલ ઉત્પાદનમાંથી આશરે 44 ટકા ઉત્પાદન સુરત જિલ્લામાં નોંધાયું હતું.

તાપી જિલ્લો પણ શેરડીના ઉત્પાદનનો મહત્ત્વનો આધાર છે.વલસાડ અને નવસારીના ખેડૂતોનો પુરવઠો સંબંધિત સહકારી મિલોની કામગીરી માટે મહત્ત્વનો છે.2023-24ની સરખામણીએ 2024-25માં ગુજરાતમાં શેરડીનો વિસ્તાર આશરે 6.6 ટકા અને ઉત્પાદન આશરે 5.3 ટકા ઘટ્યું હતું. આ ઘટાડો રાજ્યના સ્તરે છે.

> **2023-24ની સરખામણીએ 2024-25માં દક્ષિણ ગુજરાતમાં શેરડીનો વિસ્તાર આશરે 6.6 ટકા અને ઉત્પાદન આશરે 5.3 ટકા ઘટ્યું હતું**

નવસારી જિલ્લામાં આવેલી મરોલી વિભાગ ખાંડ ઉત્પાદક સહકારી મંડળી દાયકા પૂર્વે નબળી પડી એ પછી વ્યારા સુગર બંધ પડીને સરકારી સહાય સાથે ફરી શરૂ થઈ છે. માંડવી સુગરની કામગીરી 2015માં શરૂ થઈ હતી, પરંતુ ગેરવહીવટને કારણે 2017માં બંધ થઈ ગઈ હતી. મિલ પાસે 55,000થી વધુ સભ્યો હતા અને ખેડૂતોનાં આશરે 23.87 કરોડ ચૂકવવાનાં બાકી છે.

દક્ષિણ ગુજરાતના સહકારી ખાંડ ઉદ્યોગ પર એક પછી એક સંકટ ઘેરાઈ રહ્યાં છે. સુરત જિલ્લાના માંડવી વિભાગ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળીની મિલ મહારાષ્ટ્રની ખાનગી કંપની જુન્નાર સુગર દ્વારા હરાજીમાં ખરીદાયા બાદ હવે ભરૂચ જિલ્લાના વાલિયા તાલુકાના વટારિયા ખાતે આવેલી ગણેશ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળીની મિલકતોની હરાજીનો વારો આવ્યો છે. રાષ્ટ્રીય સહકારી વિકાસ નિગમ (NCDC) દ્વારા આગામી 18 નવેમ્બર, 2026ના રોજ ગણેશ સુગરની હરાજી યોજવાનું નક્કી કરાયું છે. આ સ્થિતિએ સહકારી મિલોનું ભવિષ્ય, શેરડી પકવતા ખેડૂતોના હિતો અને સ્થાનિક અર્થતંત્ર સામે પ્રશ્નો ઊભા કર્યા છે.

NCDCની નોટિસ મુજબ ગણેશ સુગરની હરાજી બપોરે બે થી સાંજે ચાર વાગ્યા દરમિયાન યોજાશે. મિલકતોની અનામત કિંમત રૂ.186.48 કરોડ અને બાનાની રકમ રૂ.18.648 કરોડ રાખવામાં આવી છે. બીજી તરફ, હરાજી અટકાવી સંસ્થાને પુન:જીવિત કરવા માટે ધિરાણનું પુનર્ગઠન, વ્યાજમાં રાહત અને મુદ્દલની હપ્તાવાર ચુકવણીની માગ ઊઠી છે.

બીજી તરફ માંડવી સુગરના ખાનગીકરણના વિરોધમાં અરેઠના વડોદ ખાતે આવેલી જુન્નાર સુગર મિલની બહાર ‘સહકારીતા બચાવો, સુગર બચાવો, ખેડૂત બચાવો’ના નારા સાથે આંદોલન શરૂ કરાયું હતું. માંડવી સુગરની કસ્ટોડિયન સમિતિના અધ્યક્ષ સંદીપભાઈ શર્માએ ખાનગી કંપની દ્વારા સહકારી મંડળીની જમીન પર કથિત ગેરકાયદે કબજાનો આક્ષેપ કર્યો હતો.

આ આક્ષેપોની સ્વતંત્ર ચકાસણી થવી જરૂરી છે.કામરેજ, સાયણ, ચલથાણ અને મઢી સહિતની સુગર મિલોના આગેવાનો પણ ખેડૂતોના સમર્થનમાં જોડાયા હતા. કામરેજ સુગરના ચેરમેન અશ્વિન પટેલે જણાવ્યું હતું કે માંડવી સુગરને સહકારી ક્ષેત્રમાં જાળવવાનો નિર્ણય થાય તો કામરેજ સુગર નિયમોનું પાલન કરીને પ્લાન્ટ ખરીદવા અને તેનું સંચાલન કરવા તૈયાર છે.

દક્ષિણ ગુજરાતમાં ઔદ્યોગિક વિકાસ, રહેણાક વસાહતોનું વિસ્તરણ અને ખેતીની જમીન પર વધતા દબાણથી શેરડીના વાવેતરને અસર થઈ રહી છે. ખાતર, મજૂરી, સિંચાઈ અને પરિવહનના વધતા ખર્ચ સામે ખેડૂતોને મળતું વળતર પૂરતું ન હોવાની ચિંતા પણ છે. શેરડી કાપવા માટે મજૂરોની અછત અને મિલ સુધી સમયસર પુરવઠો ન પહોંચવો મુશ્કેલી વધારે છે.

આ ઉપરાંત પ્રતિ હેક્ટર ઉત્પાદન અને ખાંડની રિકવરી પણ મહત્ત્વનાં પરિબળો છે. શેરડી ઓછી આવે અને તેમાંથી ખાંડનું પ્રમાણ ઘટે તો મિલની આવક ઘટે છે, જ્યારે મશીનરી, કર્મચારીઓ અને વ્યાજ જેવા ખર્ચ યથાવત્ રહે છે. બગાસમાંથી વીજળી અને મોલાસિસમાંથી ઇથેનોલનું ઉત્પાદન વધારવું પણ આવકના વિકલ્પ બની શકે છે.ગણેશ સુગરની નાણાકીય સ્થિતિ બગડવાનાં કારણો, અગાઉના વહીવટી નિર્ણયો અને કસ્ટોડિયન સમિતિના કાર્યકાળની સ્વતંત્ર તપાસ કરવાની માગ થઈ રહી છે. સાથે જ છેલ્લાં પાંચ વર્ષના ઓડિટેડ હિસાબ, કુલ દેવું, વ્યાજ, શેરડીની ચૂકવણી, પિલાણ અને ખાંડ ઉત્પાદનના આંકડા જાહેર કરવાની જરૂરિયાત વ્યક્ત થઈ છે.ખેડૂતોના હિતમાં હરાજી સ્થગિત કરી NCDC સાથે પુનર્ગઠન અંગે વાટાઘાટો, વ્યાજમાં રાહત, મુદ્દલની લાંબા ગાળાની હપ્તાવાર ચુકવણી અને યોગ્ય નાણાકીય સહાયના વિકલ્પો તપાસવાની માગ છે.

દક્ષિણ ગુજરાતની સહકારી સુગર મિલોનું સંકટ માત્ર નાણાકીય નથી. શેરડીનો પુરવઠો, ખેતીની ઘટતી જમીન, ઉત્પાદન ખર્ચ, રિકવરી અને વહીવટી પારદર્શિતા એકબીજા સાથે જોડાયેલાં છે. મિલોને ટકાઉ બનાવવા માટે નાણાકીય શિસ્ત, ખેડૂતોને સમયસર ચુકવણી અને વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિઓનો સમન્વય જરૂરી છે. હરાજી અને પુન:રચના અંગેના નિર્ણયોમાં ખેડૂતો, કામદારો અને સહકારી સભાસદોના હિતોને કેટલું મહત્ત્વ અપાય છે, તેના પર સહકારી ખાંડ ઉદ્યોગનું ભવિષ્ય નિર્ભર રહેશે.

વર્ષ 2024-25 માં શેરડીના વાવેતર વિસ્તાર અને ઉત્પાદનના જિલ્લા પ્રમાણે આંકડા

જિલ્લો	શેરડીનો વિસ્તાર (હેક્ટર)	શેરડીનું ઉત્પાદન
સુરત	83,900	60.82 લાખ ટન
તાપી	26,082	20.19 લાખ ટન
વલસાડ	5,450	3.97 લાખ ટન
નવસારી	–	11.50 લાખ ટન
ગુજરાત કુલ	1,88,770	137.14 લાખ ટન

રાજ્યમાં વાવેતરની વધઘટ

વર્ષ	શેરડીનો વિસ્તાર	ઉત્પાદન
2022-23	1,81,068 હેક્ટર	134.61 લાખ ટન
2023-24	2,02,180 હેક્ટર	144.80 લાખ ટન
2024-25	1,88,770 હેક્ટર	137.14 લાખ ટન

(કૃષિ વિભાગના જિલ્લા-વાર આંકડાઓનો સંકલિત ડેટાસેટ)

DEBTS RECOVERY TRIBUNAL-II,

Ministry of Finance, Government of India
4th Floor, Bhikhubhai Chambers, Near Kochrab Ashram, Paldi, Ahmedabad, Gujarat
PIN-380006, Phone No:079-26579343, Telephone/Fax No. 079-26579341

FORM NO. 14 [See Regulation 33(2)]

RP/RC No.	153/2017	OA No.	372/2016
Bank of Baroda		Certificate Holder Bank	
Vs.			
M/s Gangadhar Impex & Ors		Certificate Debtors	

DEMAND NOTICE

To, 1. M/s Gangadhar Impex Through its proprietor Mrs. Harshitaben Satishbhai Dudhat
28, Hemkunj Society Matawadi Chowk, Varachha Road, Varachha Surat.
AND/OR- 2 34,235, Jay Bhavani Industrial Estate Surat.
AND/OR - Plot No. 14, Gopal Industrial Estate, Surat.
2. Mrs. Harshitaben Satisbhai Dudhat Proprietor of M/s Gangadhar Impex
28, Hemkunj Society Matawadi Chowk, Varachha Road, Varachha Surat.
3. Mr. Shaileshbhai Kalubhai Radadiya
B/1, Krishnanagar Society Baroda Pristage, Varachha Road, Surat.
AND/OR - 224, New Shaktivijay Colony Nr. Laxmi Hotel, Varachha Road Surat.
4. Mr Mukeshbhai M. Kanani
121-1, Bhagunagar Society Surat City, Surat 395 006.

In view of the Recovery Certificate issued in **O.A. No.372/2016** passed by the Hon'ble Presiding Officer, Debts Recovery Tribunal-II, Ahmedabad, an amount of **Rs.36,67,141/- (Rupees Thirty-Six Lac Sixty-Seven Thousand One Hundred Forty-One Only)** including interest as on 11/05/2016 and further interest from 12/05/2016 plus cost of **Rs. 72,000.00** is due against you. The Recovery if any will be adjusted.

You are hereby called upon to deposit the above sum within 15 days of the receipt of the notice, failing which the recovery shall be made as per rules.

In additions to the sum aforesaid you will be liable to pay:

(a) Such interest and cost as in payable in terms of Recovery Certificate.

(b) All costs, charges and expenses incurred in respect of the service of this notice and other process that may be taken for recovering the amount due.

Given under my hand and the seal of the Tribunal, this day 10/08/2026

Next Date: 21.10.2026

SEAL

(ANUBHA DUBEY)
RECOVERY OFFICER-I,
DEBTS RECOVERY TRIBUNAL-II,
AHMEDABAD

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda

સરથાણા શાખા: જી–૧, દીપ કમલ શોપીંગ સેન્ટર, સરથાણા ઝુ પાસે, સરથાણા, જી.સુરત– ૩૯૫૦૦૬, ફોન : ૦૨૬૧ ૨૫૭૬૭૪૮
Email : sarsur@bankofbaroda.com

પરિશિષ્ટ–સી (સરફેસી એક્ટ, ૨૦૦૨ ની ધારા ૧૩ ની પેટા કલમ (૨) હેઠળ) દેવાદારને નોટીસ

પ્રતિ,
૧. શ્રી દિનેશભાઈ લક્ષ્મણભાઈ બવાસીયા (દેવાદાર /ગીરવેદાર)
૨. શ્રીમતી ધારાબેન દિનેશભાઈ બવાસીયા (સહ–દેવાદાર/ગીરવેદાર) :
એ–૨, ૫૦૨, ઓમ પ્લાઝા, કઠોદરા, સુરત સીટી, સુરત, ગુજરાત, ઈન્ડિયા–૩૯૪૩૨૬.
અને : ફલેટ નં.૪૦૧, ૪થો માળ, બિલ્ડીંગ નં.એ/૩ પૈકી, જેનો સાઈટ મુજબ ફલેટ નં.૫૦૧, ૫મો માળ, બિલ્ડીંગ નં.એ/૨, ઓમ પ્લાઝા, જુનો બ્લોક નં.૧૬ (નવો બ્લોક નં.૨૧), ગામ.કઠોદરા, તા.કામરેજ, જી.સુરત.

સીકયુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સીકયુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨, ની ધારા ૧૩(૨) હવે પછી ‘એક્ટ’ તરીકે ઓળખાશે શ્રી દિનેશભાઈ લક્ષ્મણભાઈ બવાસીયા અને શ્રીમતી ધારાબેન દિનેશભાઈ બવાસીયા એક્ટ હેઠળ નોટીસ.

મહેરબાનશ્રી,

વિષય : અમારી સરથાણા શાખા, સુરત માંથી મેળવેલ ક્રેડીટ સુવિધા.

૧. અમારા **તા.૧૧.૦૬.૨૦૨૬** ના રોજના પત્ર **Retail-00002617725-LMS** માં જણાવ્યા મુજબ બેંક બરોડા હોમ લોન ની બાકી રકમ અંગે ના સંદર્ભમાં ક્રેડીટ સુવિધાઓની મંજૂરી અને મંજૂરીની શરતો જણાવતા ઉપરોકત મંજૂરીને અનુલક્ષીને તમારા દ્વારા જરૂરી સીકયોરીટી પૂરી પાડીને ક્રેડીટ સુવિધાઓનો લાભ લેવામાં આવ્યો છે અને તેનો ઉપયોગ શરૂ કરવામાં આવ્યો છે. વિવિધ ટર્મ લોન સુવિધા ખાતાઓમાં અને સીકયુરીટી ઈન્ટરેસ્ટની બાકી વિગત નીચે મુજબ છે.

સુવિધાનો પ્રકાર	લીમીટ રકમ (રૂ.માં)	વ્યાજ નો દર	તા.૧૬.૦૯.૨૦૨૬ ના રોજ બાકી લેણાં (તા.૧૩.૦૯.૨૦૨૬ સુધી વ્યાજ સહિત)	કરાર સહિત સુરક્ષિત કરેલ મિલકતની વિગત
બરોડા હોમ લોન (૫૩૪૮ ૦૬૦૦૦૦ ૦૩૨૩૦)	રૂ.૧૪,૫૮,૦૦૦.૦૦	લાગુ વ્યાજ દર વાર્ષિક ૯.૬૫% આરબીઆઈ રેપો દર ૬.૫૦% (મંજૂરી સમયે)૨.૬૫% માર્ક અપ (મંજૂરી સમયે) ક્રેડિટ સ્પ્રેડ ૦.૪૫% (મંજૂરી સમયે) અને ૦.૦૫% રિસ્ક પ્રીમિયમ(મંજૂરી ના સમયે)વ્યાજની ચુકવણી માસિક ધોરણે કરવાની રહેશે. બેંકને વ્યાજદરમાં (ઉપર જણાવેલ કોઈપણ ઘટક સહિત) માસિક ધોરણે ફેરફાર (રિસેટ) કરવાનો અધિકાર રહેશે.	**ખાતા નું બાકી રકમ સ્ટેટમેન્ટ રૂ.૧૩,૭૭,૮૨૧.૦૦ ઉમેરો : લાગુ કરેલ વ્યાજ ૧૧,૩૫૭.૪૧ ઉમેરો : અનસર્વિર્ડ ૨૯,૧૦૧,૭૧ ઉમેરો : ચક્રવૃદ્ધિ વ્યાજ ૪૫૪.૦૦**	**સુરક્ષા : ૧૨.૦૬.૨૦૨૪ ના રોજ લોન કરાર.** ઉપરોકત સ્થાયી મિલકત ‘ઈન્સ્ટ્રુમેન્ટ રીલેટીંગ ટુ ડીપોઝીટ ઓફ ટાઈટલ ડીડ’ **તા.૧૨.૦૮.૨૦૨૪** જેનું રજીસ્ટ્રેશન એસઆરઓ–સુરત–કેએમજે ના સર્વે **નં.૧૪૯૬૮ ના ૨૦૨૪** માં કરી ઉપરની ક્રેડિટ સુવિધાઓ માટે **બેંક ઓફ બરોડા, સરથાણા શાખા,** સુરત ખાતે મોર્ગેજ કરેલ છે.
કુલ	રૂ.૧૪,૫૮,૦૦૦.૦૦		રૂ.૧૪,૧૮,૭૩૪.૧૨/–	

તમામ હકક હિત અને સંબંધ ધરાવતી ફલેટ પાસ થયેલ પ્લાન મુજબ ફલેટ નં.૪૦૧ ૪થો માળ બિલ્ડીંગ નં.એ/૩ પૈકી અને સાઈટ મુજબ ફલેટ નં.૫૦૧ પાંચમાં માળે બિલ્ડીંગ નં.એ/૨ બિલ્ટઅપ એરીયા માપ ૫૯૫.૮૧ ચો.ફૂટ એટલે કે ૫૫.૩૭ ચો.મી, મિલકત ના વણવહેચાયેલ રોડ ૩૧.૦૪ ચો.મી અને સી.ઓ.પી વિગેરે ના હિસ્સા સહીત ‘ઓમ પ્લાઝા’ બિલ્ડીંગ તેનું બાંધકામ એમ.ડી પ્રોકોન– એક ભાગીદારી પેઢીએ બિનખેતી જમીન રેવન્યુ સર્વે નં.૧૮/૧, ૧૮/૨, ૧૯, બ્લોક નં. ૧૬, ૧૭ અને ૨૦ એકત્રી કરણ પછી જૂનો બ્લોક નં.૧૬ (નવો બ્લોક નં.૨૧) મોજે ગામ. કઠોદરા તાલુકા. કામરેજ, જી.સુરત ખાતે કરેલ છે. જે દિનેશભાઈ લક્ષ્મણભાઈ બવાસીયા અને શ્રીમતી ધારાબેન દિનેશભાઈ બવાસીયા ના નામે આવેલ છે જેની ચર્તુસીમા **પુર્વે :** પેસેજ/દાદર, **પશ્ચિમે :** સોસાયટી રોડ, **ઉત્તરે :** ફલેટ નં.૫૦૨ ની મિલકત, **દક્ષિણે :** બિલ્ડીંગ

૨) તમે જાણો છો કે તમે **૦૭.૦૯.૨૦૨૬** ના રોજ પૂરા થનાર ત્રિમાસિકમાં ઉપરોકત ક્રેડિટ સુવિધા ની બાકી રકમના વ્યાજની ચુકવણી કરવામાં કસુર કરેલ છે. ૩) તમે કરેલ કસુર બદલ તમારો ટર્મ લોન એકાઉન્ટ રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની જોગવાઈ મુજબ **તા.૦૮.૦૯.૨૦૨૬** ના રોજ નોન–પરફોર્મીંગ એસેટ તરીકે વર્ગીકૃત કરેલ છે. અમે વાંરવાર વિનંતી કરી છતાં તમે મુદતવીતી લોન અને તેના પરના વ્યાજ, ચુકવ્યા નથી. ૪) લોન સવલત પ્રત્યેની તમારી જવાબદારી અદા કરવામાં તમે કસુરવાર થયા છો નિષ્ફળ ગયા છો. ઉપરના પેરા–૧ માં જણાવેલ મિલકતો તમે ગીરો મુકેલ છે. જામીન સ્વરૂપે અને લોન ખાતું નોન–પરફોર્મીંગ એસેટ તરીકે વર્ગીકૃત થયેલ છે. આથી નોટીસ આપીએ છીએ કે સિકયુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટ એન્ડ ઈન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ ની કલમ ૧૩ ની પેટા કલમ (૨) મુજબ નોટીસ આપી તમને પુરેપુરી રકમ જમા કરાવી બેંક પ્રત્યેની **રૂ.૧૪,૧૮,૭૩૪.૧૨ (અંકે રૂ. ચૌદ લાખ અઢાર હજાર સાતસો ચોત્રીસ અને બાર પૈસા પૂરા) તા.૧૬.૦૯.૨૦૨૬ ના રોજ (તા.૧૩.૦૯.૨૦૨૬ સુધી વ્યાજ સહિત)** ની જવાબદારી પેરા –૧ માં જણાવ્યા મુજબ આ નોટીસ મળ્યાના ૬૦ દિવસમાં ચુકવવા તમને જણાવાય છે. જણાવેલ તા. સુધીમાં તમામ બાકી રકમ વ્યાજ સાથે નહીં ચુકવો તો કથીત એક્ટની કલમ ૧૩ ની પેટા કલમ (૪) મુજબ વધુ કાર્યવાહી થશે. ૫) કૃપા કરી નોંધ લેશો, પુરી રકમ ચુકવવામાં નહિ આવે ત્યાં સુધી દરેક ઋણ સુવિધા માટે પેરા–૧ માં જણાવ્યા પ્રમાણેના દરેક વ્યાજ ચડવાનું ચાલુ રહેશે. ૬) તમારૂ ધ્યાન આ ધારાની કલમ ૧૩ તરફ દોરીએ છીએ જેની પરિભાષામાં પેરા–૧ માં જણાવેલ મિલકત વેચાણ, લીઝ કે અન્ય કોઈ રીતે સુરક્ષિત સંપત્તિને ટ્રાન્સફર કરવાનું તમારા પર પ્રતિબંધ મૂકવામાં આવે છે.(સામાન્યા ધંધાકીય કામકાજ સિવાય) વધુમાં અમે એ જણાવીએ છીએ કે, આ ધારાની કલમ ૧૩(૧૩) પ્રમાણે જોગવાઈઓનું પાલન ન કરવું આ ધારાની ૨૯ હેઠળ દંડનીય અપરાધ છે. **૭) વધુમાં અમે ધારા ૧૩ની પેટા ધારા ૮ મુજબ જો તમે બેંક ની બાકી રકમ વ્યાજ અને ખર્ચાઓ સહિત ચુકવી દઈ સુરક્ષિત કરેલ મિલકત–જાહેર હરાજી/ભાવપત્રક/ટેન્ડર/ખાનગી રીતે વેચાણ કરવા અંગેની નોટીસ પ્રસિદ્ધ થયા પહેલા છોડાવી શકો છો. મહેરબાની કરી નોંધ લેશો કે નોટીસની પ્રસિદ્ધિ પછી તમારો મિલકત છોડાવવાનો હકક પ્રાપ્ત થશે નહી.** ૮) કૃપા કરીને નોંધ લેશો કે આ નોટીસ કોઈપણ પ્રકારના પૂર્વગ્રહ વગર આપવામાં આવેલ છે અને તેથી કોઈ છુટ રાહત કે છુટછાટ કયાંય પણ કોઈ રીતે મળશે નહીં. વધુ માંગણી માટેનો અમારો અધિકાર અબાધીત છે.

તા.૨૮.૦૯.૨૦૨૬, સ્થળ: સુરત **અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા, સરથાણા શાખા**